DIVYA BHASKAR

DT: 03-02-2018

# જામનગરમાં જે.પી. હોલ માર્કિંગ સેન્ટર પર બીઆઈએસના દરોડા

## હોલમાર્ક બનાવવાની મુદ્દત બે વર્ષ પહેલા જ પૂરી થઈ ગઈ હતી, 50 ગ્રામ દાગીના જપ્ત

બિઝનેસ રિપોર્ટર | રાજકોટ

હોલમાર્ક બનાવવાની મુદ્દત બે વરસ પહેલા વીતી ગયા બાદ પણ હોલમાર્ક બનાવનાર જામનગરની જે.પી. હોલમાર્ક સેન્ટર પર ભારતીય માનક બ્યૂરો દ્વારા દરોડાની કામગીરી કરવામાં આવી છે. આ સેન્ટર દ્વારા જે હોલમાર્ક બનાવવામાં આવતો હતો તેનો ઉપયોગ સોનાના દાગીનામાં થતો હતો. આવા હોલમાર્કવાળા 50 ગ્રામ દાગીના જપ્ત કરવામાં આવ્યા છે. બી.આઈ.એસ.ના પ્રમાણપત્ર ,માર્કસ અને લાઈસન્સ વિના હોલમાર્ક બનાવનાર સામે જેલની સજા અને દંડ વસૂલાત સહિતની સજા કરવામાં આવે છે.

ભારતીય માનક બ્યૂરોના અધિકારીને ચોક્કસ બાતમી મળી હતી કે મેસર્સ જે.પી.હોલમાર્કિંગ સેન્ટરના નામથી એક હોલમાર્કિંગ સેન્ટર કાર્યરત છે. જેના લાઈસન્સની મુદ્દત ગત 29 નવેમ્બર 2016 માં જ પૂરી થઈ ગઈ છે.આમ છતાં હોલમાર્ક બનાવવામાં આવતું હતું અને આ હોલમાર્કનો ઉપયોગ સોનાના આભૂષણો પર થતો હતો. આ બાતમીના આધારે ભારતીય માનક બ્યૂરોના અધિકારીએ આ સેન્ટર જ્યાં ધમધમતું હતું ત્યાં દરોડાની કામગીરી કરવામાં આવી હતી. રેડ દરમિયાન જે સોનાના આભૂષણો ઉપર બી.આઈ.એસ. હોલમાર્કને દર્શાવામાં આવતો હતો તે 50 ગ્રામના વજનના દાગીના જપ્ત કરવામાં આવ્યા છે. તેમજ આ સૈન્ટર બી.આઈ.એસ.એક્ટ 2016 ની કલમ 14નું ઉલ્લંઘન કરતું હતું.જેના પુરાવા અને નમૂના જપ્ત કરવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યાનુસાર બીઆઈએસ હોલમાર્કનો ઉપયોગ મૂલ્યવાન ધાતુઓ પર માન્ય બી.આઈ.એસ. પ્રમાણપત્ર માર્ક્સ લાઈસન્સ વિના, બી.આઈ.એસ. એક્ટ 2016 હેઠળ સજાપાત્ર છે. જેમાં એક વરસની જેલની સજા પણ થઈ શકે. તેમજ રોકડ રકમના દંડ પણ થઈ શકે. અથવા બન્ને લાગુ કરી શકાય. આવી રીતે હોલમાર્ક બનાવનાર તેમજ તેનો ઉપયોગ કરનાર વેપારીઓને તાકીદ કરવામાં આવી છે કે હોલમાર્કિંગ સેન્ટરને બી.આઈ.એસ.પાસેથી માન્યતા લેવાની રહે છે. લાઈસન્સ વગર કોઈ પણ મંજૂરી મળતી નથી. આ નિયમનું ઉલ્લંઘન કરનાર સામે નિયમ અનુસાર કાર્યવાહી થઈ શકે એમ છે.

GUJARAT SAMACHAR

DT: 03-02-2018

GUJARAT SAMACHAR

Dt: 03-02-2018

**બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડનું જામનગરમાં સર્ચ ઓપરેશન**

# સોનાના દાગીના પર હોલમાર્ક આપતું અમાન્ય સેન્ટર ઝડપાયું

રાજકોટ, શુક્રવાર

સોનાના આભુષણોની શુધ્ધતાને પ્રમાણિત કરવા માટે હોલમાર્ક આપવામાં આવે છે. ભારતીય માનક બ્યુરો દ્વારા જામનગરમાં બે સેન્ટરને સોનાના દાગીના પ્રમાણિત કરવાની જે માન્યતા આપવામાં આવી હતી તે પૈકી એક સેન્ટરની લાયસન્સની મર્યાદા પુરી થઈ ગઈ હોવા છતાં હોલમાર્ક અપાતા હોવાની વિગતોના આધારે તપાસ હાથ ધરી જામનગરના અમાન્ય હોલમાર્ક સેન્ટરમાંથી ૫૦ ગ્રામ સોનાના આભુષણો સીઝ કરવામાં આવ્યા હતાં.

## પરવાનાની મુદત એક વર્ષ પહેલાં પુરી થઈ ગઈ હોવા છતાં હોલમાર્ક અપાતા હતા : ૫૦ ગ્રામ દાગીના કબ્જે કરાયા

રાજકોટ સ્થિત બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડની કચેરીના જણાવ્યા મુજબ જામનગરમાં જુની સોની બજારમાં આવેલા જે.પી. હોલ માર્કિંગ સેન્ટરની લાયસન્સની માન્યતા તા.૨૯ નવે. ૨૦૧૬નાં પુરી તઈ ગઈ હોવા છતાં આ સેન્ટર દ્વારા સોનાના દાગીના ઉપર હોલમાર્ક લગાવવામાં આવતા હતા આ વિગતોના આધારે બ ી.આઈ.એસ.ની ટીમ દ્વારા તપાસ કરતાં જે.પી. હોલમાર્કિંગ સેન્ટરમાંથી ૫૦ ગ્રામ સોનાના દાગીના મળી આવ્યા હતાં.

ગ્રાહકો જોગ બીઆઈએસ કચેરી દ્વારા જણાવાયું હતું કે, જામનગરમાં જે સેન્ટર પાસે હોલમાર્કિંગનું લાયસન્સ ન્હોતુ તેના દ્વારા હોલમાર્ક છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી આપવામાં આવતો હતો. આ કેસમાં એક વર્ષની કેદ અથવા એકલાખ રૂ.થી ઓછો ન હોય તેવો દંડ થઈ શકે છે. જવેલરીની ખરીદી વખતે ગ્રાહકોએ જાગૃતિ દાખવવી જરૂરી છે.